ગોપાલ પંડ્યા (હ્યુસ્ટન-અમેરિકા)

# હા, અહીં પણ છે સદાકાળ ગુજરાત...

## ભાષા અને સંસ્કૃતિને ધબકતી રાખવા સતત પ્રયત્નશીલ રહેતાં અમેરિકાવાસી **દેવિકાબહેન ધ્રુવ** ‘જયાં જયાં વસે એક ગુજરાતી...’નું જીવંત ઉદાહરણ છે.

પરદેશમાં સ્થાયી થયેલા મોટા ભાગના લોકો *દેશ એવો વેશ*ના ન્યાયે ત્યાંની ભાષા, પહેરવેશ અને સંસ્કૃતિ અપનાવી લેતા હોય છે. જો કે કેટલાક લોકો એવા છે, જે બે-ચાર દાયકાથી પરદેશમાં રહેતા હોય, પરંતુ એમનામાં કોઈ બદલાવ આવ્યો ન હોય. એ પોતાની માતૃભાષામાં વાત કરતા હોય, અસલ સ્વદેશી પોશાક પહેરતા હોય અને પોતાની સંસ્કૃતિનું જતન કરતા હોય. સાથે સાથે પરદેશની ધરતી પર ત્યાંના લોકો સાથે હળીમળીને રહેતા પણ હોય.

અમેરિકાના સુગરલૅન્ડમાં રહેતાં દેવિકાબહેન ધ્રુવ આનું ઉત્તમ ઉદાહરણ છે. દેવિકાબહેન લગભગ ચાર દાયકાથી અમેરિકામાં સ્થાયી થયાં છે, પણ એમનાં પહેરવેશ કે ભાષામાં કોઈ ફરક પડ્યો નથી. એમને મન ભારતીય નાગરિક એટલે અતિથિ. એ મહિલા પરદેશની ધરતી પર ભારતના એકેએક ઉત્સવ ઊજવે. સૌથી વધારે તો અમેરિકા જેવા દેશમાં એ ગુજરાતી સાહિત્ય સરિતાના પાયાના કાર્યકર તરીકે સેવા આપે છે અને ગુજરાતી ભાષા-સંસ્કૃતિને જીવંત રાખવા સતત પ્રયત્નશીલ રહે છે.



સાહિત્યપ્રેમી દેવિકાબહેન એક નોખાં સર્જક-એક સારાં ગઝલ-ગીતકાર છે. ગુજરાતના સાવ નાના ગામ ભૂડાસણનાં વતની દેવિકાબહેનના પરિવારમાં ચાર બહેન અને બે ભાઈ. એમને બાળપણથી ભણવામાં ખૂબ રસ. દેવિકાબહેન કહે છેઃ

‘પિતાની આર્થિક સ્થિતિ નબળી હતી અને મને ભણવાની તીવ્ર ઈચ્છા હતી. એ પૂરી કરવા પ્રથમ અમદાવાદની પ્રાથમિક અને એ પછી માધ્યમિક સ્કૂલમાં દાખલ કરી. એ સમયે ઘરમાં વીજળીનું જોડાણ નહોતું. એને કારણે રોજ રાત્રે સ્ટ્રીટલાઈટના અજવાળે અભ્યાસ કરું. અમદાવાદની મ્યુનિસિપાલિટીની સ્કૂલમાં *એસએસસી* સુધી અભ્યાસ કર્યો. અભ્યાસ સાથે વક્તૃત્વ સ્પર્ધા, નાટક, નૃત્ય, લેખન, વગેરેમાં ભાગ લેવામાં પાછી પાની ન કરું. એક એક કાર્યમાં તન-મનથી મહેનત કરું. એને કારણે સ્પર્ધામાં જીતીને જ આવું.’

દેવિકાબહેને ૧૯૬૪માં *એસએસસી*માં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા પછી ગુજરાતી અને સંસ્કૃત સાથે ઉચ્ચ અભ્યાસ કરવાની ઈચ્છાને લીધે *એચકે આર્ટ્સ કૉલેજ*માં ઍડ્મિશન લીધું. ચાર વર્ષે *બીએ*માં પ્રથમ નંબરે પાસ થયાં ને *સોમૈયા ગોલ્ડ મેડલ* પણ મળ્યો.

દેવિકાબહેનના કહેવા મુજબ એમને કૉલેજના અભ્યાસ દરમિયાન અનેક સાહિત્યકારો સાથે ચર્ચા-વિચારણા કરવાની તક મળેલી. એને કારણે સાહિત્ય સાથે એમને ખાસ લગાવ. એક વાર કૉલેજમાં કાવ્યપઠનની સ્પર્ધા હતી. એ સ્પર્ધામાં એમણે ભાગ લીધો. સૌના આશ્ચર્ય વચ્ચે શ્રેષ્ઠ કાવ્યપઠન બદલ એમને ઉમાશંકર જોશીના હસ્તે ઈનામ પ્રાપ્ત થયું.

અભ્યાસ પછી પિતાને આર્થિક મદદ કરવા દેવિકાબહેને એમની જ કૉલેજમાં ક્લર્ક તરીકે નોકરી સ્વીકારી લીધી. ૧૯૮૦માં અમેરિકામાં આવવાનો મોકો મળ્યો. પરદેશની ધરતી પર એમણે ૨૪ વર્ષ *બૅન્ક ઑફ બરોડા*માં ફરજ બજાવી. એ પછી ટેક્સાસમાં બે વર્ષ શિક્ષિકા તરીકે વિદ્યાર્થીઓને ભણાવ્યા. હાલ ૭૦ વર્ષની જૈફ ઉંમરે પણ એ અઠવાડિયામાં બે દિવસ સ્કૂલમાં ભણાવવા જાય છે. સાહિત્યસભામાં ઉપસ્થિત રહે છે. ગઝલો-ગીતો લખે છે.

દેવિકાબહેનની ગઝલ અને કવિતાના બે સંગ્રહ પ્રસિદ્ધ થયા છે. એક છે, *પાલવડે* અને બીજો છે, *અક્ષરને અજવાળે*. પશ્ચિમના અનુભવ પરથી *આથમતી કોરનો ઉજાસ* નામે એમણે પત્રશ્રેણીય રજૂ કરેલી, જેને સુંદર પ્રતિસાદ પણ મળ્યો છે. ■